| | | |
|---|---|---|
| આંક | : | ૧૨ |
| દાખલ તારીખ | : | ૦૫ ૦૫ ૨૦૨૨ |
| નિકાલ તારીખ | : | ૨૭ ૦૭ ૨૦૨૬ |
| સમયગાળો | : | |
| કુલ | : | |

# મે.ના.શ્રી મુખ્ય જીલ્લા ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલતમાં, ગાંધીનગર.

**સી.એમ.એ.(ડીસી) નં.–૬૫/૨૦૨૨**

---

**અરજદાર** :૧. સચિવશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
૨. કાર્યપાલક ઈજનેરશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
પાલનપુર.

**વિરૂધ્ધ**

**સામાવાળા** :૧. મેસર્સ શીવ બીલ્ડર્સ માર્કેટ યાર્ડ (મોરારજી),
ઉંઝા માર્કેટ યાર્ડ, તા.સિદ્ધપુર, જી.મહેસાણા વતી,
C/o, રામજીભાઈ એન. પટેલ,
૨. પ્રહલાદભાઈ રામજીભાઈ પટેલ,
રહે.મુ.પો.–ઉંઝા માર્કેટ યાર્ડ (મોરારજી),
તા.સિદ્ધપુર, જી.મહેસાણા.
૩. કાંતીભાઈ ઈશ્વરભાઈ,
મુ.પો.–મફતપુર, જી.મહેસાણા.
૪. ચીમનભાઈ રામચંદભાઈ પંચાલ,
રહે.મહેસાણા.
૫. શ્રીમતી ચંદ્રીકાબેન રાયચંદભાઈ પટેલ,
રહે.મુ.પો.–ઉંઝા માર્કેટ યાર્ડ (મોરારજી),
તા.સિદ્ધપુર, જી.મહેસાણા.
૬. શ્રીમતી હિરાબેન પુરષોત્તમભાઈ પટેલ,
રહે.મુ.પો.–મફતપુર, જી.મહેસાણા.
૭. મફતલાલ ઈશ્વરલાલ પટેલ,
રહે.મુ.પો.–મફતપુર, જી.મહેસાણા.

બાબત : **સી.પી.સી. ઓર્ડર–૪૧, રૂલ–૩ (અ) મુજબ વિલંબ માફ કરવા અંગે અરજ.**

---

| | | |
|---|---|---|
| અરજદારો તરફે વિ.વ.શ્રી | : | પી. ડી. વ્યાસ |
| સામાવાળા તરફે વિ.વ.શ્રી | : | જી. ટી. દયાણી |

-----------------------------------------

## -:: ચૂકાદો ::-

**(૧)** અરજદારે હાલની અરજી ગાંધીનગરના વિ.મુખ્ય સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં ચાલતા, સ્પેશીયલ દિવાની મુકદ્દમા નંબર-૦૮/૨૦૦૨ (સાથે સ્પેશીયલ દિવાની મુકદ્દમા નંબર-૦૫/૧૯૯૯) ના કામે તા.૦૨/૦૮/૨૦૨૧ના રોજ કરેલ હુકમ સામે સી.પી.સી. ઓર્ડર-૪૧ હેઠળ અપીલ દાખલ કરવામા થયેલ વિલંબ માફ કરવા અંગે દાખલ કરેલ છે. વધુમા અરજદારે જણાવેલ છે કે, અપીલ દાખલ કરવા માટે સરકારશ્રીનો અભીપ્રાય તથા જરૂરી મંજૂરી મેળવવાની હોય છે. સરકારશ્રીનો અભીપ્રાય અને મંજુરી મેળવ્યા બાદ અપીલ દાખલ કરવાની હોય છે. ગાંધીનગરના વિ.મુખ્ય સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં ચાલતા, સ્પેશીયલ દિવાની મુકદ્દમા નંબર-૦૮/૨૦૦૨ (સાથે સ્પેશીયલ દિવાની મુકદ્દમા નંબર-૦૫/૧૯૯૯)ના કામે તા.૦૨/ ૦૮/૨૦૨૧ના રોજ હુકમ જાહેર કરેલ ત્યારબાદ તે હુકમ સામે અપીલ દાખલ કરવા માટે તા.૦૨/૦૯/૨૦૨૧ ના રોજ ૩૦ દિવસની સમયમર્યાદા પૂર્ણ થાય. પરંતુ ઉપર જણાવ્યા મુજબ અપીલ દાખલ કરવા માટે સરકારશ્રીનો અભીપ્રાય તથા મંજુરી મેળવવામા આશરે ૭ માસ અને ૩ દિવસ જેટલો વિલંબ થતા, હાલની અપીલ દાખલ કરવામા ૭ માસ અને ૩ દિવસ વિલંબ થયેલ છે. પરંતુ તે વિલંબ જણાવ્યા ઉપર મુજબના યોગ્ય અને વ્યાજબી કારણોને લીધે થયેલ હોઈ, ગાંધીનગરના વિ.મુખ્ય સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં ચાલતા, સ્પેશીયલ દિવાની મુકદ્દમા નંબર-૦૮/૨૦૦૨ (સાથે સ્પેશીયલ દિવાની મુકદ્દમા નંબર-૦૫/૧૯૯૯)ના કામે તા.૦૨/૦૮/૨૦૨૧ના રોજ કરેલ હુકમ સામે અપીલ દાખલ કરવામા આશરે ૭ માસ અને ૩ દિવસનો વિલંબ માફ કરવા તથા નામ. કોર્ટને યોગ્ય જણાય તે મુજબની અન્ય દાદ અપાવવા હાલની અરજી રજુ કરેલ છે. જે અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદારની અરજી રજુ થતા, સામાવાળાને નોટીસ કાઢવામા આવેલ. જે નોટીસ સામાવાળાઓને યોગ્ય રીતે બજી જતા, સામાવાળાઓ તેમના વિ.વ.શ્રી મારફતે ઉપસ્થીત થયેલ છે. પરંતુ સામાવાળાઓ દ્વારા અરજદારની વિલંબ માફી અંગેની અરજીનો કોઇ જવાબ રજુ રાખેલ નથી. સામાવાળાઓને તેઓનો પુરાવો રજુ કરવા પુરતી અને વ્યાજબી તકો આપવામા આવેલ હોવા છતાં, કોઇ જવાબ રજુ રાખેલ ન હોઇ તેઓનો જવાબ રજુ કરવાનો તથા પુરાવો રજુ કરવાનો હકક બંધ કરી, સદર કામ આગળ ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે.

(૩) અરજદારના વિ.વ.શ્રીએ તેમની અરજી મુજબની રજુઆતો કરી, નામ. ટ્રાયલ કોર્ટના હુકમ સામે અપીલ દાખલ કરવા માટે જરૂરી પરવાનગી મેળવવામા વિલંબ થવા પામેલ છે. જે વિલંબ માફ કરી, અપીલ રજીસ્ટરે લેવા અને તેનો ગુણદોષ પર નિકાલ કરવા ન્યાયીક હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૪) બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓને રજુઆતો સાંભળી, ગાંધીનગરના વિ.મુખ્ય સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં ચાલતા, સ્પેશીયલ દિવાની મુકદ્દમા નંબર–૦૮/૨૦૦૨ (સાથે સ્પેશીયલ દિવાની મુકદ્દમા નંબર–૦૫/૧૯૯૯)ના કામે તા.૦૨/૦૮/૨૦૨૧ ના રોજ કરેલ હુકમ વંચાણે લીધો.

(૫) અરજદારની અરજીની હકીકતો, કાયદાની જોગવાઇની સાથે અત્રે નામ. સુપ્રીમ કોર્ટનો **1987 (0) AIR (SC) 1353** માં રીપોર્ટ થયેલ ***Collector, Land Aquisition, Anantnag Vs. Katiji*** ના કેસનો ચૂકાદાનો ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે. કે જેમાં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપીત થયેલ છે:

*"The legislature has conferred the power to condone delay by enacting Section 5 of the Indian Limitation Act of 1963 in order to enable the Courts to do substantial justice to parties by disposing of matters on 'merits'. The expression "sufficient cause" employed by the legislature is adequately elastic to enable the Courts to apply the law in a meaningful manner which subserves the ends of justice that being the life-purpose for the existence of the institution of Courts. And such a liberal approach is adopted on principle as it is realized that:-*

1. *Ordinarily a litigant does not stand to benefit by lodging an appeal late.*
2. *Refusing to condone delay can result in a meritorious matter being thrown out at the very threshold and cause of justice being defeated. As against this when delay is condoned the highest that can happen is that a cause would be decided on merits after hearing the parties.*
3. *"Every day's delay must be explained" does not mean that a pedantic approach should be made. Why not every hour's delay. Every second's delay-The doctrine must be applied in a rational common sense pragmatic manner.*
4. *When substantial justice and technical considerations are pitted against each other, cause of substantial justice deserves to be preferred for the other side cannot claim to have vested right in injustice being done because of a non-deliberate delay.*
5. *There is no presumption that delay is occassioned deliberately, or on account of culpable negligence, or on account of mala fides. A litigant does not stand to benefit by resorting to delay. In fact he runs a serious risk.*
6. *It must be grasped that judiciary is respected not on account of its power to legalize injustice on technical grounds but because it is capable of removing injustice and is expected to do so."*

**(૬)** ઉપરોકત કાયદાની જોગવાઇ તથા નામ. સુપ્રીમ કોર્ટે પ્રસ્થાપીત કરેલ ઉપરોકત સિધ્ધાંત ધ્યાનમા લેતા, કોઇ પણ અરજીનો નિકાલ ગુણદોષ પર થાય તે અત્યંત આવશ્યક છે અને તેમ કરવાથી ન્યાયનો હેતુ જળવાઇ રહેશે. તેવુ અમારૂ નમ્ર માનવું છે. તેથી અરજદારની અરજી મંજુર કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ અમારૂ નમ્ર માનવું છે. જેથી હાલની અરજી અંગે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧) આ કામના અરજદારની હાલની વિલંબ માફની અરજી આથી મંજુર કરવામા આવે છે.

(૨) અરજદારને ગાંધીનગરના વિ.મુખ્ય સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં ચાલતા, સ્પેશીયલ દિવાની મુકદ્દમા નંબર–૦૮/૨૦૦૨ (સાથે સ્પેશીયલ દિવાની મુકદ્દમા નંબર–૦૫/૧૯૯૯)ના કામે તા.૦૨/૦૮/૨૦૨૧ ના રોજ કરેલ હુકમ સામેઅપીલ દાખલ કરવામા ૭ માસ અને ૩ દિવસનો થયેલ વિલંબ આથી માફ કરવામા આવે છે.

(૩) ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

(૪) આથી રજીસ્ટ્રીને સૂચિત કરવામા આવે છે કે, અરજદારની અપીલ રજીસ્ટરે લેવી.

હુકમ આજ રોજ તારીખ ૨૭ મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ :૨૭/૦૭/૨૦૨૬
સ્થળ : ગાંધીનગર.

(***આશિષ જે. એસ. મલ્હોત્રા***)
મુખ્ય જીલ્લા ન્યાયાધીશ,
**ગાંધીનગર.**
(કોડ નંબર–જીજે ૦૧૫૦૪)

(B.H.K.)



PRINCIPAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR